R.N.I. No. : GUJGUJ/2000/447- Ahmedabad Jurisdiction

અયૂબ ૪૦ : ૧૯

# નવક્રાન્તિ

અમદાવાદથી દર શનિવારે પ્રસિધ્ધ થતું સાપ્તાહિક

તંત્રી : રોબિન ધોળકીયા • સહતંત્રી: પ્રકાશ ધોળકીયા .

(મો)૯૮૨૫૧૬૯૩૮૬

વેબ સાઈટ : http:// jagadishchristian.com email:garvinavkranti @ yahoo.com

આપનું લવાજમ બાકી છે ?(હા)- (ના) (સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો)

If undelivered pl. return to;
કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનગર પાલડી, અમદાવાદ-૭

YEAR-28 • ISSUE: 35 DATE: 31-08-2019• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One • YERLY-SUB:Rs. 60/-

## વર્લ્ડ બેડમિંટન ચેમ્પીયનશીપ ભારતીય શટલર પી.વી.સિધુએ જીતી,વડાપ્રધાને શુભેચ્છા પાઠવી



બેડમિંન્ટન વર્લ્ડ ચેમ્પીયન જીતીને ભારત પરત ફરેલી પી.વી સિધુએ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની મુલાકાત લીધી હતી. ત્યારબાદ મોદીએ વિશ્વભરમાં ભારતીય તીરંગો લહેરાવનાર સિધ્ધુને વર્લ્ડ ચેમ્પીયનશીપનો મેડલ પહેરાવીને તેને સોનેરી ભવિષ્ય માટે શુભકામનાઓ આપી હતી.ત્યારબાદ રમત ગમત મંત્રી કિરણ રજજુએ સિધ્ધુને અભિનંદન સાથે રુપીયા દસ લાખનો ચેક પણ આપ્યો હતો.

## વડાપ્રધાન મોદી તેમજ ભાજપના ટ્રબલશુટર અરુણ જેટલીએ અંતિમ વિદાય લીધી



દેશના પુર્વ નાણાં મંત્રી અરુણ જેટલીનું નિધન થયું છે. ભાજપે દિગ્ગજ નેતા, વ્યુહકાર અને ટ્રબલશુટર ગુમાવ્યો છે. તેમને સંપુર્ણ રાજકીય સન્માન સાથે નિગરબોધ પર અંતિમ સંસ્કાર કરાયો હતો.જેટલીનું ૬૬ વર્ષની વયે અવસાન થયું હતું. તેઓ દિલ્હીની એઈમ્સ હોસ્પીટલમાં સારવાર લઈ રહ્યા હતા. તેમને કેન્સર સહિત અનેક બિમારીઓ થઈ હતી.

તેઓ વકીલાત ક્ષેત્ર જોડાયેલા હતા.વિદ્યાર્થી ચળવળ માટે તેઓ એબીવીપી સાથે સંકળાયેલા રહ્યા હતા.રાજસભાના નેતા તરીકે સતત ૧૦ વર્ષ સુધી તેમણે કામગીરી કરી હતી.ભાજપમાં મોદી યુગનો પાયો નાંખવાનો મહત્વનો રોલ અરુણ જેટલીનો હતો.મોદીને વડાપ્રધાન પદ સુધી લઈ જનાર વ્યક્તિ તરીકે તેમની કઠીન કામગીરી રહી હતી. જેમાં પક્ષના કેટલાક પીઢ નેતાઓ તેમનાથી નારાજ હતા. અરુણ જેટલી અમૃતસરની સીટ પરથી ચુટણી હારી ગયા હોવા છતાં મોદીએ તેમને નાણાં મંત્રાલયની જવાબદારી સોપીં હતી.વડાપ્રધાન મોદીનો અંગત સલાહકાર હવે તેમની વચ્ચે નથી જે તેમને ભારે ખોટ દર્શાવશે.

## દિલ્હીનું જાણીતુ ક્રિકેટ સ્ટેડિયમ ફિરોઝશા કોટલાને બદલે હવે અરુણ જેટલી સ્ટેડીયમ તરીકે ઓળખાશે

દિલ્હીનું જાણીતુ ક્રિકેટ સ્ડેડીયમ ફિરોઝશા કોટલા હવે પછીથી ભાજપના નેતા અને પુર્વ નાણામંત્રી અરુણ જેટલીના નામે ઓળખાશે.

દિલ્હી ક્રિકેટ સંઘે આ નિર્ણય લીધો છે.પુર્વ નાણામંત્રી અને ભાજપના વરિષ્ઠ નેતા એવા અરુણ જેટલી ડીડીસીએના અધ્યક્ષ પણ રહી ચુક્યા છે.

અરુણ જેટલી ૧૯૯૯થી ૨૦૧૩ સુધી ડીડીસીએના અધ્યક્ષ રહી ચુક્યા છે.પુર્વ નાણામંત્રી જેટલીનું નિધન ૬૬ વર્ષની વયે થયું હતું. આ સ્ટેડીયમનુ નામકરણ ૧૨ સપ્ટ.ના રોજ એક સમારોહમાં કરવામાં આવશે. આ સ્ટેડિયમમાં એક સ્ટેન્ડનું નામ વિરાટ કોહલી પણ રાખવામાં આવશે.જેની જાહેરાત કરવામાં આવી હતી.

રજત શર્મા હાલના ડીડીસીએના અધ્યક્ષે જણાવ્યુ હતું કે અરુણ જેટલીના કાર્યકાળમાં જ દેશને વિરાટ કોહલી, વિરેન્દ્ર સહેવાગ,ગૌતમ ગંભીર,આશિષ નહેરા જેવા પ્રતિભાશાળી ખેલાડીઓ મળ્યા છે.



સ્ટેડીયમની સુવિધાને અત્યાધુનિક બનાવવાની સાથે પ્રેક્ષકોની ક્ષમતા વધારવા તથા વિશ્વ સ્તરીય ડ્રેસિંગ રુમ બનાવવાનો શ્રેય તેમને ફાળે જાય છે.

અરુણ જેટલી સ્ટેડિયમનુ નામાકરણ વિધિનો સમારંભ જવાહરલાલ નહેરુ સ્ટેડીયમ ખાતે યોજાશે જેમાં ગૃહમંત્રી શ્રી અમિત શાહ અને ખેલમંત્રી કિરણ રજજુ પણ હાજર રહેશે. તેમના નિધન પ્રસંગે મોટાભાગના ક્રિકેટરો શ્રધ્ધાંજલી આપી હતી.

**ગ્રાહક મિત્રોને વિનંતી.**

આપનું લવાજમ બાકી છે/પૂરું થયેલ છે.લવાજમ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.તમારી જાગૃતતા અમારુ બળ છે.

**નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ.
પીટીકોલેજ રોડ,નારાયણ નગર
અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬-

## ઇડીની સુપ્રીમ કોર્ટની એફિડેવીટ મુજબ ચિદમ્બરમ વિશ્વભરમાં ખાતા અને સંપત્તિ ધરાવે છે તેને ચિદમ્બરના પરિવારનો પડકાર

આઈએનએક્સ મીડીયા કેસમાં પુર્વ કેન્દ્રીય નાણાંમંત્રી પી. ચિદમ્બર કેસના અન્ય આરોપો સાથે મળીને વિદેશોમાં રહેલી સંપત્તિ વેચી અને બેન્ક ખાતા બંધ કરીને પુરાવા સાથે ચેડા કરવા માંગે છે તેવો આરોપ મુકતાં ઈડીએ સુપ્રીમ કોર્ટમાં જણાવ્યુ હતું કે તપાસ પુરી કરવા માટે તેમની ધરપકડ કરી કસ્ટડીમાં પુછપરછ જરુરી છે.સુપ્રીમમાં રજુ કરેલી એફીડેવીટમાં જણાવાયું હતું કે કોગ્રેસ નેતા અને અન્ય આરોપીઓ આર્જેન્ટીના,ઓસ્ટ્રીયા,બ્રિટિશ વર્જિન આર્યલેન્ડ, ફ્રાંસ,ગ્રીસ,મલેશીયા,મોનાકો,ફીલીપાઈન્સ,સિંગાપોર,દક્ષિણ આફ્રિકા,સ્પેન અને શ્રીલંકામાં બેન્ક ખાતા અને સંપત્તિઓ ધરાવે છે.

જ્યારે ચિદમ્બરમના પરિવારે જણાવ્યુ હતું કે અમે સરકારને પડકાર આપીએ છીએ કે અમે વિશ્વમાં ગમે ત્યાં જાહેર કર્યુ ન હોય તેવું બેન્ક ખાતુ ધરાવતા હોઈએ અથવા તો તે અંગેનો એક પણ પુરાવો સરકાર રજુ કરે, અમને વિશ્વાસ છે કે આખરે સત્યનો વિજય થશે.અમને હતાશા એ વાતની છે કે મીડીયા પી.ચિદમ્બરમ સામેના પાયાવિહોણા આરોપો પર તદ્દન ચકાસણી કર્યા વગરના અહેવાલો પ્રસિધ્ધ કરી રહ્યું છે.

**નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર ઉપલબ્ધ છે.**

http:// jagadishchristian.com

ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુકhttp://facebook.com/robin.dholakia પર જોઈ શકાશે

# નવ ક્રાંતિ

દેશભરમાં આર્થિક મંદીનું મોજુ સુસવાટા મારતું આવી ગયું છે.ચારેકોર વરસાદ આંધી,તુફાનનો માર લોકોથી જીરવાયો નથી ત્યાં દેશના વિવિધ ઔદ્યોગિક ક્ષેત્રમાં મંદીનો ઓછાયો ફરી વળ્યો છે.ટેક્સટાઈલ્સ,ડાયમંડ, ઓટોમોબાઈલ્સ,અને ઉત્પાદન ક્ષેત્રે સંકળાયેલા મોટાભાગના ઉદ્યોગો મંદીના મારનો સામનો કરી રહ્યા છે. પરિણામે જીડીપી દરનો ગ્રાફ નીચો જતો ગયો છે. સરકારી આંકડા તેમની માયાજાળને કારણે વિવિધતા બતાવી રહ્યા છે જે તેમની ક્ષમતાને છુપાવવાનો પ્રયત્ન કહેવાય.ઉદ્યોગ જગત સરકાર કોઈક પગલાં ભરે જેના કારણે ઉચો મોંઘવારીનો દર ઘટે, નોકરીઓમાં થતી છટણીઓ બંધ થાય, રોજગાર ધંધા ચાલુ રહે વિગરેની અપેક્ષા સરકાર પાસે દેશની જનતા રાખી રહી છે.શું સરકાર પાસે પાકિસ્તાન, કાશ્મીરની ૩૭૦ની કલમો,કે તલ્લાક કે રાજકારણીઓના ઘેર ઘેર રેડ પાડીને તેમની પકડીને જેલમાં પુરી દેવા સિવાય અન્ય કોઈ વિકાસના કામો છે જ નહી કે શું ?

આપણા માનનીય વડાપ્રધાનશ્રી દેશ વિદેશના પ્રવાસોમાંથી નવરાશ મેળવી શકતા નથી અને તેમને પોતાની પ્રતિષ્ઠા ઉચીં લાવવા સિવાય અન્ય કોઈ કાર્યક્રમ દેખાતો નથી.દેશમાંની હાલની પરિસ્થિતિમાં કોઈ સારા કાર્યક્રમો કે યોજનાઓ થકી પ્રજાનો ઉદ્ધાર થાય તેવા કોઈ હેતુલક્ષી કાર્યક્રમો હાથમા છે જ નહી. નાણાંકીય સ્ત્રોતો ઉભા કરવા માટે રિઝર્વ બેન્કમાં ખાતર પાડવામાં આવ્યું છે. પોતાની જ વાતને માને અને રજુ કરીને પાસ કરી નાંખે એવી કમિટિઓ બનાવીને રિઝર્વ બેન્ક પાસેથી મોટી મસ રકમ હડપી લેવાનો કીમીયો કરવામાં આવ્યો છે.ભુતપુર્વ ગર્વનર રાજન કે અન્ય અધિકારીઓએ આજ કારણોસર બેન્કની નોકરીને તિલાંજલી આપી છે. જો કે સરકારને માટે તો અડચણ રુપ થતાં અધિકારીઓ સામે ચાલીને જતાં રહે તે તેમના માટે હરખાવા જેવી બાબત છે.જેથી તેમની કામગીરી સરળ બને બાકી તેમની હાજીમાં હા ભણનારી જમાતનો ટોટો નથી.

વિદેશી રોકાણકારો ધીરે ધીરે દેશમાંથી પલાયન થઈ રહ્યા છે. જેના કારણે નવા ઊદ્યોગો ઊભા થવાની તકો રહી નથી. આ માટે મોટા ફંકશનો કરીને દેખાડો કરવામાં જરુર આવે છે કે વિદેશી રોકાણકારો આવ્યા અને તેમને આ બાબતે મરજી દેખાડી પરંતુ હજુ સુધી એવુ નક્કર કાર્ય થયું નથી.માત્ર સરકારી પૈસાની બરબાદી કરીને સરકારી અધિકારીઓ જ્યાફતો જ ઉડાવી છે.પરિણામો શુન્ય સમાન છે.મોટા મોટા સપના દેખાડીને વિકાસની બાંગો પોકારનારા હજુ સુધી સફળ થયા નથી. હા તેઓ મતપેટીઓ છલકાવામાં જરુર સફળ થયા છે.અને તેમનો વિકાસ જરુર થયો છે.

## મંતવ્ય

ભ્રષ્ટાચાર નાબુદીના મામલે સીબીઆઈએ દેશમાં ચારે તરફ રેડો પાડીને સરકારી તંત્રને જાગતું કરી દીધું છે. સરકારે કેટલાક અધિકારીઓની નોકરીઓ સમાપ્ત કરી દીધી છે તો કેટલાકને વહેલા નિવૃત્તિ આપી દીધી છે.જો કે સરકારે આમ કરવું જ પડે નહીતર ભ્રષ્ટાચારના મુળીયા એટલા બધા ઉંડા છે કે તેને કાઢવા અશક્ય અને કપરુ કાર્ય છે. ભ્રષ્ટાચાર અજગરનું માથુ ઉપર છે અને પુછડુ નીચે તરફ છે.એટલે કે ભ્રષ્ટાચાર ઉપરથી છેક નીચે સુધી આવે છે.સરકારના ક્યા ખાતામાં કટકી ચાલતી નથી તે કહેવું અઘરુ છે. કાયદાના ઓથા હેઠળ તમામ સરકારી કર્મચારીઓ દેશની જનતાને સરેઆમ લુટી લે છે અને બિચારા નાગરિકો બોલી શકતા નથી.વિદેશ જનારા હોય કે વિદેશથી આવનારા લોકો હોય તમામને એરપોર્ટ પર કટકીના કડવા અનુભવો થયા છે છતાં ત્યાં સાફસુફીના વાતો ચાલે છે ત્યારે મોટા પાયે થતી દાણચોરીમાં ત્યાંના જ અધિકારી-કર્મચારીઓ સંડોવાયેલા પકડાય છે. ગુજરાતમાં દારુબંધીનું નાટક ગાંધીજીના નામે વર્ષોથી ચાલે છે. ગુજરાત આખાનું બજેટથી અડધુ બજેટ તો માત્ર ખુલ્લેઆમ વેચાતા દારુનું છે.કોણ કોનો ન્યાય કરશે ?

રમેશભાઈ પી. પટેલ


## જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬


# ઇન્ટરનેશનલ ક્રિકેટમાં વિસ્ફોટક બેટ્સમેન ગણાતા વેસ્ટ ઇન્ડીઝના બેટસમેન ક્રિસ ગેઇલે ઝંઝાવાતી પ્રદર્શન ક અંતિમ ઇનીંગ્સ રમી વિદાય લીધી




ક્રિસ ગેઈલે ઈન્ટરનેશનલ ક્રિકેટમાં તેની અંતિમ ઈનીંગ્સ રમીને વિદાય લીધી હતી.ભારત સામે વેસ્ટ ઈન્ડીંઝમાં રમાઈ રહેલી ત્રણ વનડેની શૃખલામાં છેલ્લી વનડેમાં ક્રિસ ગેઈલે ઝંઝાવાતી બેટિંગનું પ્રદર્શન કર્યુ હતું.એક સમયે ભારતીય બોલરોને ચારેબાજુ ઝુડી કાઢ્યા હતા.એક સમયે એવું લાગતું હતું કે આ છેલ્લી ઈનીંગ્સમાં ભારતીય બોલરોનો કચ્ચરઘાણ કાઢીને જ આ બેટ્સમેન ઝંપશે.

જોકે ગેઈલ આઉટ થયા બાદ ભારતીય બોલરોએ રમત પર પોતાનો અંકુશ મેળવી લીધો હતો અને આખરે ભારતે આ મેચ જીતી લીધી હતી. જેમાં ભારતીય કપ્તાને પોતાની સદી નોધાવી હતી અને પોતાની કારકીર્દીની ૪૨મી સદી પુરી કરી હતી. વિરાટ કોહલીથી માત્ર સચિન તેદુલકરજ આગળ છે જેની ૫૦ સદીઓનો રેકોર્ડ વનડે ક્રિકેટમાં નોધાયેલો છે.

# ગામડાઓમાં તબીબીની સેવા ઘટાડીને ૧ વર્ષ કરાઇ: નવા નિયમોનો ચાલુ વર્ષથી અમલ કરાશે

રાજ્યના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો,સામુહિક આરોગ્ય કેન્દ્રો, સરકારી હોસ્પીટલોમાં ડોકટરોની ઘટને પહોચી વળવા રાજ્ય સરકારે મહત્વનો નિર્ણય લીધો છે.ગ્રામ્ય કક્ષાએ અગાઉ નવા બહાર પડતા ડોકટરોને ત્રણ વર્ષ માટે સેવા આપવી પડતી હતી, તેના બદલે હવે માત્ર એક વર્ષ માટે ગામડામાં તબીબી સેવા આપવી પડશે.જો કે સરકારે એવો પણ આકરો સુધારો કર્યો છે કે અગાઉ આવા તબીબી વિદ્યાર્થીઓને સરકારમાં રુ.૫ લાખની રકમના બોન્ડ જમા કરાવવા પડતા હતા તેના બદલે હવે આ ૫ લાખના બોન્ડ ઉપરાંત વધારાની રુ. ૧૫ લાખની બેન્ક ગેરંટીં આપવાની રહેશે. જો કોઈએ ડોકટર થયા બાદ ગ્રામ્ય કક્ષાએ એક વર્ષ માટે તબીબી સેવા ન આપવી હોય તો તે ડોકટરે રુ. ૨૦ લાખ રાજ્ય સરકાર પાસે જમા કરવા પડશે. આ રકમ ભરાયા બાદ જ તેવા ડોકટરને મેડિકલ કાઉન્સીલ ઓફ ગુજરાત દ્વારા ખાનગી પ્રેકટિસનું પ્રમાણપત્ર અપાસો. તે સિવાય તેઓ ડોકટર તરીકે પ્રકટીસ નહીં કરી શકે. રાજ્ય સરકાર દ્વારા કરાયેલા આ સુધારાઓનો અમલ ચાલુ વર્ષથી જ કરાશે. સરકાર એવી થોડીક રાહત આપી છે કે જે ડોકટર પાસે કોઈ મિલકત કે બેન્ક ગેરંટીની આપવાની આર્થિક ક્ષમતા ન હોય તેઓ એટલી હદે અતિ ગરીબ હોય તો તેવા ખાસ કિસ્સામાં તેમની ગેરન્ટી રજુ કરવામાંથી મુક્તિ આપવામાં આવશે. જો કે તેનો નિર્ણય લેવાની સત્તા માત્ર રાજ્ય સરકાર પાસે જ રહેશે.

ચરકને વિશ્વના સૌથી મહાન વૈદ્ય માનવામાં આવે છે.તેમના દ્વારા લિખિત ગ્રંથ ચરકસંહિતાને વિશ્વના બહોળા દેશોમાં અનુસરવામાં આવે છે.આધુનિક ચિકિત્સાશાસ્ત્રના પાયા આયુર્વેદમાં રહેલા છે.

૧૯મી સદીમાં સાઈબીરીયામાં ચામાંથી બનાવેલા ચોરસ ટુકડાઓનો ઉપયોગ નાણાં તરીકે કરવામાં આવતો હતો.

૧૮૮૭માં મોન્ટાનામાં બરફનો વરસાદ પડ્યો ત્યારે બરફના કરા ૧૫ ઈચ પહોળા અને ૮ ઈંચ જાડાઈ ધરાવતા હતા.અત્યાર સુધીમાં આવો બરફનો વરસાદ વિશ્વમાં કોઈ પણ ઠેકાણે પડ્યો નથી.

વાયોલીન લાકડાના ૭૦ ટુકડાને જોડીને બનાવવામાં આવે છે.


**AGNELO FREE MARRIAGE SERVECES, INDIA**

agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332



**કાર ભાડે મળશે**



લગ્ન તેમજ શુભ પ્રસંગ માટે ડિઝાઇનર કાર મળશે



મોબાઇલ : ૮૫૧૧૮૯૯૧૯૭

લિમોઝીન, બીએમ ડબલ્યુ , ઓડી , મર્સીડીઝ તથા અન્ય મેરેજ કાર મળશે



# નયા ભારતના નિર્માણમાં ગુજરાત લીડ લેશે : મુખ્યમંત્રીશ્રી રુપાણી



૭૩માં આઝાદી પર્વ નિમિત્તે પ્રજાજોગ સંદેશ આપતાં ગુજરાતના મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રુપાણીએ કહ્યુ હતું કે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ નયા ભારતનો જે સંકલ્પ કર્યો છે તેને સાકાર કરવા ગુજરાત લીડ આપશે.આઝાદી પર્વના પ્રજાજોગ સંદેશમાં તેમણે તમામ નાગરિકોને શુભકામનાઓ પાઠવી હતી.

સ્વરાજનું સપનું ૧૫ ઓગષ્ટ ૧૯૪૭માં ગાંધીજી અને સરદાર પટેલે સાકાર કર્યું, એવીજ રીતે ગજરાતના બે નરબંકા વડાપ્રધાન મોદી અને ગૃહમંત્રીશ્રી અમિતભાઈ શાહે ૭૨ વર્ષ પછી૧૫ ઓગષ્ટ ૨૦૧૯એ પુર્ણ સ્વરાજ માટે કાશ્મીરનો મુગટ મણી ભારત માતાના લલાટ ઉપર શોભાવ્યો છે. કલમ ૩૭૦ અને ૩૫એ દુર કરીને દેશના સવાસો ભારતીયોને માટે ખુશી આપી છે. જેથી ખરા અર્થમાં આ આઝાદી પર્વ ઐતિહાસિક બની ગયું છે. મુખ્યમંત્રીએ જણાવ્યુ હતુંકે ગુજરાતમાં તેમની સરકારે ગાંધી,સરદાર નરેન્દ્ર મોદી અને અમિત શાહના પદચિહ્નો પર ચાલીને સ્વરાજ પછી સુરાજ્ય ગુડ ગર્વન્નસની કેડીને પ્રસ્થાપિત કરી છે. આઝાદી પહેલાં ડાઈ ફોર નેશન અને હવે લીવ ફોર નેશન, દેશમાં પોલીટીકલ ડેવલપમેન્ટનો નવો યુગ વિકાસની રાજનીતી પ્રસ્થાપિત કરી છે.

# પ્લાસ્ટીક પાઉચનો ઉપયોગ ઓછો કરવા માટે ડેરીઓને મળેલા આદેશ બાદ દુધ હવે મોંઘું બનશે

હવે દેશની જનતાએ અડધા લીટર દુધના પાઉચ ખરીદવા માટે વધારે પૈસા ચુકવવા પડશે. કેન્દ્ર સરકારે દુધ વિતરણ કરતી તમામ ડેરી કંપનીઓને ભાવ વધારવા માટે કહ્યુ છે. જો કે એક લીટર દુધના પાઉચ ખરીદવા માટે જુની કિંમત આપવાની રહેશે. સરકારે સિંગલ યુઝ પ્લાસ્ટીકનો પ્રયોગ ઓછા કરવા માટે આ પગલું ભર્યું છે.

મીડીયા રિપોર્ટ અનુસાર, પશુપાલન અને ડરી સચિવ અતુલ ચતુવેદીએ અમુલ અને અન્ય પ્રમુખ ડેરીઓને અડધા લીટર દુધના પેકેટ ઉત્પાદન ઓછા કરવા કહ્યુ છે. આ સાથે એક લીટરનો પેકેટ ફરી ઉપયોગ કરવા માટે સુચના અપાઈ છે. એક લીટરનું ખાલી પાઉચ પરત કરનાર ગ્રાહકોને ખાસ છુટ આપવા કેન્દ્ર સરકારે ડેરી કંપનીઓને જણાવ્યુ છે. કેન્દ્ર સરકારે ડેરી કંપનીઓને કહ્યુ છે કે એ ખાલી પાઉચનો ઉપયોગ રોડ નિર્માણમાં પ્રયોગ કરવા આપે. આ સાથે ઓકટો.થી અડધા લીટરના પાઉચનું ઉત્પાદન ઓછું કરવા આદેશ અપાયો છે.

દુધ સિવાય દહીં અને અન્ય દુગ્ધ ઉત્પાદનના સૌથી વધુ નાના પેકેટ વેચાય છે. એમાં સિંગલ યુઝ પ્લાસ્ટીકનો પ્રયોગ થાય છે.હવે સરકાર આનો ઉપયોગ ઓછો કરવા ઈચ્છે છે. સરકારનું માનવું છે કે કિંમત વધારે હશે તો લોકો અડધા લોટરના પાઉચ ઓછા ખરીદશે, જેનાથી પ્લાસ્ટીકનો ઉપયોગ ઓછો થશે.


## ગ્લોરી કેટરીગ સર્વીસ

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્કઃ

એ. એમ. મેકવાન

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩

ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪


# આખરે પુર્વ નાણાંમંત્રી અને ગૃહમંત્રી ચિદમ્બરમની સીબીઆઇએ ધરપકડ કરી

આઈએનએક્સ મીડીયા કેસમાં પુર્વ નાણાંમંત્રી અને ગૃહમંત્રી ચિદમ્બરમની સીબીઆઈએ ધરપકડ કરી હતી.સીબીઆઈએ ધરપકડ કરીને ચાર દિવસના રીમાન્ડ માંગ્યા હતા.દિલ્હી કોર્ટે કહ્યુ હતું કે ચિદમ્બરની કસ્ટોડિયલ પુછપરછ જરુરી છે કેમકે તેમના સામને આરોપો ગંભીર છે અને તેમા ઉંડાણભરી તપાસ જરુરી છે.

કોર્ટે તેમના પરિવાર અને વકીલને રોજ અડધા કલાક માટે મળવાનો સમય આપવાની વાત કહી હતી.તેમજ તેમનો મેડીકલ ટેસ્ટ પર કરાવવામા આવશે.કોર્ટે રિમાંડ દરમિયાન આરોપીની ગરિમાને ઠેસ ન પહોચવી જોઈએ તેમ જણાવ્યુ હતું .

ચિદમ્બરના વકીલો કપિલ સિબ્બલ અને અભિષેક મનું સિંઘવીએ કોર્ટમાં ધારદાર દલીલો કરી હતી.સીબીઆઈને સહકાર આપતા નથી એવી બાબત પર સિંઘવીએ કહ્યુ હતું કે એફઆઈઆર નોધાવ્યાના ૧૫ મહિનામાં માત્ર એક જ વખતે ચિદમ્બરમને બોલાવવામાં આવ્યા હતા. તો એવું કેવી રીતે કહી શકાય કે તેઓ સહકાર આપતા નથી.

## જાણવા જેવું !

મિસ યુનીવર્સની સ્પર્ધા પહેલી વાર ૧૯૫૨માં કેલીફોર્નીયામાં યોજાઈ હતી.

વ્હાઈટ હાઉસમાં ૧૩૨ રૂમ આવેલા છે.જેમાં અમેરીકાના પ્રમુખ રહે છે. વ્હાઈટ હાઉસનો ઓરીજીનલ રંગ ગ્રે હતો. પરંતુ ૧૮૧૨માં યુધ્ધ બાદે તેને ફરીથી રંગવામાં આવ્યો અને સમારકામ કરવામાં આવ્યું.૧૯૦૨માં તેનું નામકરણ વ્હાઈટ હાઉસ કરવામાં આવ્યું.

ચીલીમાં આવેલા અટકામાના રણમાં છેલ્લા ચારસો વર્ષથી એક પણ ટીપું વરસાદનું પડ્યું નથી.


ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદ્દન વ્યાજબી ભાવે મળશે.

## અમી સર્જીકલ

જય ક્રિશ્ચિયન

૧૩,સહયોગ પાર્ક-૧
,ન્યુ ગામડી રોડ, આણંદ.૧
મો.:૮૨૩૮૦૦૧૯૮૯
૯૮૨૪૩૬૨૪૬૨


# પહેલુખાન કેસ બાબતે રાજસ્થાનના મુખ્યમંત્રીએ અગાઉની સરકારની બેદરકારીની ટીકા કરતાં સીટ દ્વારા તપાસ આગળ વધારશે

રાજસ્થાનમાં પહલુખાનની એક ટોળાએ મારપીટ કરીને હત્યા કરવાના મામલે દર્જ કરાયેલા કેસમાં પોલીસે દાખવેલી બેદરકારી તેમજ સરકાર પક્ષે ભાજપની ભુમિકા નબળી હોવાનું હાલના રાજસ્થાનના મુખ્યમંત્રી અશોક ગેહલોતે જણાવ્યુ હતું કે આ બાબતે તેઓ તપાસ કરાવશે.

૧ એપ્રિલ,૨૦૧૭ની બનેલી મોબ લિચીંગની ઘટના મુજબ આ દિવસે હરિયાણાના નુહ મેવાત જિલ્લાના જયસિંહપુરા ગામના રહેવાસી પહલુખાન પોતાના બે પુત્રો સાથે જયપુર બજારમાં દુધાળા પશુ ખરીદીને પોતાને ઘેર જઈ રહ્યા હતા ત્યારે રાજસ્થાનના અલવરના બહરોડ પાસે એક ભીડે વાહન અટકાવીને પહલુખાન અને તેના પુત્રોને માર માર્યો હતો. સારવાર દરમિયાન પહેલુખાનનું મૃત્યુ નિપજ્યું હતું.

અદાલતે હત્યા કેસમાં વીડીયો ફુટેજને પુરાવા તરીકે સ્વીકાર્યોનહોતો તેમજ વીડીયો ફુટેજની એફએસએલમાં તપાસ પણ કરાવી નહોતી.તેની સાથે કોર્ટે કહ્યુ હતું કે પહેલુખાનના પુત્રો આરોપીઓને ઓળખી શક્યા નહોતા.જેના આધારે કોર્ટે તમામ આરોપીઓને મુક્ત કરી દીધા હતા

રાજસ્થાનના મુખ્યમંત્રી અને કોગ્રેસી નેતા અશોક ગેહલોતે કહ્યુ હતું કે હવે કોર્ટમાં પહલુખાન જેવા કેસોનું મોનીટરીંગ સરકાર કરશે.તેમણે કહ્યુ હતું કે પહલુખાનની હત્યાના મામલે વસુંધરા રાજેના નેતૃત્વમાં રહેલી અગાઉની ભાજપ સરકારની ભુમિકા અંગે પણ તપાસ કરવામાં આવશે.ગેહલોતે કહ્યુ હતું પહલુખાન કેશમાં અગાઉની સરકારે બેદરકારી દાખવી હતી. તેથી જ આરોપીઓ વિરુધ્ધ પુરાવા ન મળ્યા અને તેનો નિર્દોષ છુટી ગયા. તેમણે કહ્યુ હતું કે આ પ્રકારના મામલાઓની તપાસ માટે મોનીટરીંગ સેલ બનાવાશે. હાલમાં જ રાજસ્થાન સરકારે પહલુખાનની મારપીટ કરીને હત્યા કરવાના મામલે તપાસ સીટ દ્વારા કરાવવાનો નિર્ણય કર્યો છે.

# ભારતમાં કટ્ટરતા અને ધર્માંધતાને કોઇ સ્થાન નથી : સોનિયા ગાંધી



કોગ્રેસના નેતા સોનિયા ગાંધીએ કહ્યુ હતું કે ભારતમાં કટ્ટરતા અને ધર્માંધતાને કોઈ સ્થાન નથી. તેમણે કહ્યુ હતું કે સાચી આઝાદી માટે દેશના દરેક ખુણેથી લોકોએ અન્યાય, અસહિષ્ણુતા અને ભેદભાવ વિરુધ્ધ ઉભા થવું જોઈએ.

સ્વતંત્રતા દિવસ નિમિત્તે પોતાના સંદેશામાં સોનિયા ગાંધીએ સહાનુભુતિ, સહ અસ્તીત્વ અને સમગ્ર વિકાસના સિધ્ધાંન્તોને નીતિ,સમુદાય અનો અર્થ વ્યવસ્થાની અમિટ વિશેષતાઓ તરીકે ફરીથી સ્થાપિત કરવા કહ્યું હતું. નવી દિલ્હીમાં કોગ્રેસ મુખ્યાલયમાં તિરંગો લહેરાવીને કોગ્રેસ અધ્યક્ષે કહ્યુ હતું કે ભારત તમામ ક્ષેત્રોમાં ખુબ આગળ છે પણ મુળ બુનિયાદી સિધ્ધાંત સત્ય,અહિંસા, સંવેદના અને દેશભક્તિ છે. કોગ્રેસ અધ્યક્ષો દેશવાસીઓને રક્ષાબંધન પર્વની શુભકામનાઓ આપી હતી.તેમણે એવા સમાજની સ્થાપના થવાની આશા વ્યક્ત કરી હતી કે જેમાં જાતિભેદના આધારે જરા પણ ભેદભાવ નહી હોય.


## ડૉ.હેમેન્દ્ર જી. પરીખ

પી.જી.યોગા,ડીએચએમએસ

યોગ -હોમીયોપેથીક કન્સલ્ટન્ટ

એકસ.સીની.કન્સલ્ટન્ટ,
રાજસ્થાન હોસ્પીટલ,અમદાવાદ
એકસ.સીની.કન્સલ્ટન્ટ
મોરારજી દેસાઇ આરોગ્યધામ,
હેલ્થ-વેલ્થ પ્લાનર
ગેસ્ટ કોલમીસ્ટ, ગુજરાત સમાચાર, દિવ્યભાસ્કર
મો.૯૩૭૬૧ ૦૦૮૯૮
E.mail : drhamparikh@yahoo.co.in

# મનસેના પ્રમુખ રાજ ઠાકરેની મની લોન્ડરીંગ કેસમાં સતત ૯ કલાક સુધી આકરી પુછપરછ



મહારાષ્ટ્ર નવનિર્માણ સેના પ્રમુખ રાજ ઠાકરેને ઈડીની મની લોન્ડરીંગ મામલામાં કથિત રીતે દોષિત ઠેરવ્યા હતા.બાદમાં તેઓ પરિવારના બે સભ્યો સાથે દક્ષિણ મુંબઇ સ્થિત ઈડીની ઓફિસે પહોચ્યા હતા.એમએનએસ નેતા ઠાકરે સવારે ૧૧.૧૫ કલાકે ઈડી કાર્યાલયે પહોચ્યા હતા અને રાત્રે ૮.૧૫ મીનિટે ઈડી ઓફિસમાંથી બહાર નીકળ્યા હતા. આ સમય દરમિયાન રાજ ઠાકરેની આકરી પુછપરછ થઇ હતી. અધિકારીઓના જણાવ્યા મુજબ ઈડીના અધિકારીઓએ ડીલની ઉચિત વિગતો મેળવવા માટે એક પ્રશ્નોની યાદી તૈયાર કરી છે. ઈડીના અધિકારીઓએ રાજ ઠાકરેની પુછપરછ કર્યા બાદ એમને છોડ્યા હતા. રાજ ઠાકરે ઈડી કાર્યાલયમાંથી બહાર નીકળ્યા ત્યારે તેમના વર્તનમાં કોઇ ખાસ પરિવર્તન જોવા મળ્યું નહોતું. જો કે આ મામલે ઈડીના અધિકારીઓ દ્વારા સતાતવાર કોઇ માહિતી સાંપડી નથી.એમને બીજી વખત પુછપરછ માટે બોલાવાશે કે નહી. અહીયા નોધવું રહ્યુ ખે ઈડી રાજ ઠાકરેની કોહિનુંર સીસીએનએલ અને આઇએલ એન્ડ એફએસ વચ્ચેની કથિત લેવડ- દેવડના મામલામાં પુછપરછ કરી હતી.રાજઠાકરેની ઈડી દ્વારા પુછપરછ કરવાના સમાચાર ફેલાતં મોટી સંખ્યામાં એમના સમર્થકો ઈડી કાર્યાલયની બહાર ઉપસ્થિત રહ્યા હતા.

# જમ્મુ-કાશ્મીરમાંથી આર્ટિકલ ૩૭૦ હટાવવી તે સંપુર્ણપણે ભારતનો આંતરિક મામલો છે તેમાં કોઇની ડખલગીરી ચાલી શકે નહીં

કાશ્મીરના મામલે યુએનએસસીની બંધબારણે યોજાયેલી બેઠક બાદ ભારતે પોતાનો અભિપ્રાય સ્પષ્ટ કરતાં કહ્યુ હતું કે આર્ટીકલ ૩૭૦ એ ભારતનો આંતરિક મામલો છે.તેથી તેમાં કોઇની ડખલગીરીને અવકાશ નથી. ભારતે પાકિસ્તાનને વાટાઘાટો શરુ કરવા માટે આતંકવાદને અટકાવી દેવાની ફરી જાણ કરી છે. આમ કાશ્મીરના મુદ્દે પાકિસ્તાન ફરીવાર આંતરરાષ્ટ્રીય સ્તરે એકલું પડી ગયું છે. કોઇપણ દેશ તેની વ્હારે આવ્યો નથી.

યુએન સિક્યોરીટી કાઉન્સીલમાં કાયમી પ્રતિનિધિ અને ભારતના રાજદુત સઇદ અકબરુદીને કહ્યુ હતું કે અમારી રાષ્ટ્રીય સ્થિતિ હતી અને રહી છે કે ભારતના બંધારણની કલમ ૩૭૦ને લગતી બાબત સંપુર્ણપણે ભારતનો આંતરીક મામલો છે.કાશ્મીરમાં આતંકીઓ અમરા લોકોનું લોહી ન વ્હાવે તે માટે કાશ્મીરમાં અટકાયતી પગલાં લીધા છે. આર્ટીકલ ૩૭૦ની નાબુદીનો નિર્ણયનો બચાવ કરતાં અકબરુદીને કહ્યુ હતું કે ભારત સરકારના નિર્ણયની બાહ્ય અસરો નહીં થાય. જમ્મુ-કાશ્મીર અને લદાખમાં સારુ સંચાલન અને લોકોને સામાજીક આર્થિક વિકાસના હેતુસર આ નિર્ણય લેવાયો છે.તેમણે ઉમેર્યુ હતું કે અમે તમામ નિયંત્રણો તબક્કાવાર દુર કરવા પ્રતિબધ્ધ છીએ. આ ફેરફાર ભારતનો આંતરિક મામલો હોવાથી અમે અમારા વિદેશી સંકલન સાથે કોઇ ફેરફાર કર્યો નથી.

ભારત જમ્મુ-કાશ્મીરમાં સ્થિતિ શાંતિપુર્ણ રહે તેની ખાતરી માટે પ્રતિબધ્ધ છે. ઉલ્લેખનીય છે કે જમ્મુ-કાશ્મીરમાં માનવઅધિકારની સ્થિતિ અંગે યુએનએસસીમાં ભારતના કાયમી સભ્ય ચીને ચિંતા વ્યક્ત કર્યાના કલાકોમાં જ ભારતે તેનો યોગ્ય જવાબ આપ્યો હતો. ચીનના સહયોગથી ચીને આ મુદ્દે નજીકની મસલતોની વિનંતી કર્યા બાદ યુએનએસસીની બેઠક મળી હતી. ચીને અન્ય દેશોને પાકિસ્તાનની તરફેણમાં કરવા માટે ભારે ધમપછાડા કર્યા હતા પરંતુ તેની કોઇ કારી ફાવી નહોતી.

જો કે યુએનએસસીની મીટીંગનું પરિણામ જાહેર કરાયું નથી. પરંતુ ભારતે જે રીતે નિવેદનો કર્યા છ તે પાકિસ્તાનની સાથે સાથે ચીન માટે પણ પછડાટ સમાન છે.આ મસલતો અનઔપચારીક હોવાથી તેની વિગતો જાહેર કરવામા આવી નથી.


**ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર**

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭



**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક

9825169386


# રાજીવ ગાંધીને પુર્ણ બહુમતી મળી હતી છતાં તેમણે તેનો ઉપયોગ ડર ફેલાવવા માટે કર્યો નહોતો : સોનિયા ગાંધી



કોંગ્રેસના અંતરિમ અધ્યક્ષ સોનિયા ગાંધીએ પુર્વ વડાપ્રધાન રાજીવ ગાંધીની જન્મજયંતિ પર કેન્દ્ર સરકારની મોદી સરકાર પર નિશાન સાધતાં કહયુ હતું કે રાજીવ ગાંધીને સંપુર્ણ બહુમતી મળી હતી,પરંતુ તેમણે એનો ઉપયોગ ડરનો માહોલ બનાવવા માટે કર્યો નહોતો.સોનિયા ગાંધીએ કહ્યુ કે રાજીવે દેશની પ્રગતિ માટે સાયન્સ અને ટેકનોલોજીનો ઉપયોગ કર્યો હતો.

રાજીવજીની યાદ આજે પણ આપણા હૃદયમાં છે,એ ભારતને મજબુત, સુરક્ષિત અને આત્મનિર્ભર બનાવવાની વાત કરતા હતા. રાજીવ ગાંધી એક એવા વડાપ્રધાન હતા જેમણે થોડા વખતમાં ભારતની એકતાની વાત કરી અને દેશની બુનિયાદી તસવીર બદલવા માટે કામ કર્યુ હતું. સોનિયા ગાંધીએ ઉમેર્યુ હતું કે એમનો જ નિર્ણય હતો કે ૧૮ વર્ષના યુવાનોને મતદાનનો અધિકાર મળે. પંચાયતો અને નગરપાલિકાઓને બંધારણીય દરજ્જો મળે. આજે પંચાયતો લોકતંત્રના પ્રથમ પગથિયા સમાન સાબિત થઇ છે.

રાજીવ ગાંધીએ ટેલીકોમ ક્રાંતિ કરવાનો સંકલ્પ કર્યો અને ટુંકાગાળામાં એ સંકલ્પ સિધ્ધ કરી દેખાડ્યો. તેમણે ટેકનિકની તાકાતનો ઉપયોગક ફક્ત પરમાણું ઉર્જા, અંતરિક્ષ અને મિસાઇલ થકી કર્યો.પરંતુ આ સાથે સામાજિક પરિવર્તન માટે ઝડપી કામ કરવા સાયંન્સ અને ટેકનોલોજીનો જળ અને કૃષિ ક્ષેત્ર માટે ઉપયોગ કર્યો હતો. રાજીવ ગાંધીએ બહુમતીનો ઉપયોગ ભયનો માહોલ તૈયાર કરવા માટે કે ડરાવવા માટે, ધમકાવવા માટે કર્યો નહોતો.

# દિવંગત રાજીવ ગાંધીને લીધે ભારત મજબુત બન્યું હતું : રાહુલ ગાંધી



કોંગ્રેસના પુર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીએ પોતાના પિતાની યાદમાં તેમની સિધ્ધિઓને યાદ કરતાં કહ્યુ હતું કે રાજીવજીના સમયમાં પંજાબ,આસામ, અને મિઝોરામમાં થયેલી સમજુતીના કારણે આ રાજ્યોમાં વર્ષોથી ચાલતી હિંસાનો અંત આવ્યો હતો અને દેશ મજબુત થયો હતો.અરસ પરસ સન્માન,સહમતી,અને શાંતિપુર્વક સહ અસ્તિત્વની બુનિયાદ પર આ કરારોએ ભારતીય ગણરાજ્યને મજબુત બનાવ્યુ હતું.નોધવું રહ્યું કે રાજીવ ગાંધીની ૨૦મી ઓગષ્ટે ૭૫મી જન્મ જયંતી હતી. આ દરમિયાન સતત એક સપ્તાહ સુધી કોંગ્રેસે અલગ-અલગ કાર્યક્રમો રાજીવ ગાંધીની યાદમાં કરી રહી છે.



**વિનંતી**

**તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.**


સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજ્જવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઇસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧



તંત્રીઃ રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.